ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૮ એપ્રિલ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!




## સમરસતા માટે સિમાચિન્હ રૂપ બનેલું ગામ
# સીસ્વા

# સીસવા : સુખી, સંપન્ન અને શિક્ષિત નાગરિકો ધરાવતું સમગ્ર આણંદ જિલ્લામાં એક આદર્શ અને પ્રખ્યાત ગામ

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં આવેલું સીસ્વા ગામ એક આદર્શ અને પ્રગતિશીલ ગામનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. સીસવા ગામ વહીવટી દૃષ્ટિએ મધ્ય ગુજરાતના મુખ્ય મથક એવા આણંદ જિલ્લામાં આવેલું છે. આ ગામનો સમાવેશ બોરસદ તાલુકામાં થાય છે. ભૌગોલિક રીતે આ ગામ જીલ્લા મથક આણંદથી 30 કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી આશરે 12 કિમીના અંતરે આવેલું છે. ગામનો વહીવટ સ્થાનિક પંચાયત દ્વારા કુશળતાપૂર્વક ચલાવવામાં આવે છે, જેના વર્તમાન સરપંચ તરીકે રીપલભાઈ પટેલ સેવા આપી રહ્યા છે.સીસવા ગામની વસ્તી સપ્રમાણ છે. અહેવાલ મુજબ ગામની કુલ વસ્તી વર્ષ 2011 ની ગણતરી 4475 છે. વસ્તીનું વર્ગીકરણ મુજબ પુરુષો 2301

અને સ્ત્રીઓ 2174 નોધાયેલ છે. ગામની સૌથી મોટી વિશેષતા તેનો સાક્ષરતા દર છે. સીસવા ગામ 99 ટકા જેટલો ઊંચો સાક્ષરતા દર ધરાવે છે, જે દર્શાવે છે કે આ ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ ખૂબ જ વધારે છે. લગભગ દરેક વ્યક્તિ અક્ષરજ્ઞાન ધરાવે છે, જે ગામના વિકાસમાં પાયાનું મહત્વનું પાસું છે. સીસવા ગામ એ આધુનિકતા અને પરંપરાનું સંકલન છે. 99 ટકા સાક્ષરતા દર, સજ્જ શૈક્ષણિક સંસ્થાઓ, ઘર આંગણે મળતી આરોગ્ય અને બેંકિંગ સુવિધાઓ આ ગામને અન્ય ગામો કરતા અલગ પાડે છે. ખેતીમાં વિવિધતા અને મજબૂત સહકારી માળખું ગામને આર્થિક રીતે સધ્ધર બનાવે છે. ટૂંકમાં, સીસવા એ સુખી, સંપન્ન અને શિક્ષિત નાગરિકો ધરાવતું એક આદર્શ ગામ છે. ગામમાં જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે છે, જેના કારણે ગ્રામજનોએ નાની જરૂરિયાતો માટે શહેર સુધી જવું પડતું નથી. ગામમાં જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) અને પશુ દવાખાનું ઉપલબ્ધ છે.જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે સસ્તા અનાજની દુકાન આવેલી છે.અન્ય સુવિધાઓ રૂપે પોસ્ટ ઓફિસ, બેંક જે ગ્રામજનોની સવલતમાં વધારો કરે છે.સીસવા ગામ વાહન વ્યવહારની દૃષ્ટિએ સારી રીતે જોડાયેલું છે.



**જીલ્લા મથક આણંદથી 30 કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી આશરે 12 કિમીના અંતરે આવેલું છે**

# દેશમાં પહેલું ગામ સીસ્વા જ્યાં માત્ર દીકરીઓનું રાજ સ્થપાયું, સરપંચ, ઉપસરપંચ અને વોર્ડ સભ્ય પદ દીકરીઓ હસ્તક

બોરસદ તાલુકાના સિસ્વા ગામ ઘણા વર્ષો સુધી સમરસ ગ્રામ પંચાયત તરીકે નામના પામેલું ગામ છે. જોકે આ ગામને સૌથી વધુ ખ્યાતિ દેશભરમાં સૌથી પહેલા ગામની વતની માત્ર દીકરીઓ સંચાલિત ગ્રામ પંચાયત તરીકે મળી હતી. સમરસ ગ્રામ પંચાયત ટીમની તમામ દીકરીઓનુ તાલુકા જિલ્લા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ તત્કાલીન સમયે બહુમાન કરાયું હતું. ગામના વિકાસની ડોર દીકરીઓના હાથમાં સોંપવામાં આવી હતી. એટલે કે ગામના સરપંચ, ઉપસરપંચથી લઈને ગામના તમામ વોર્ડના સભ્યો સિસ્વા ગામની દીકરીઓ બની હતી. ગામની સત્તાનું સુકાન દીકરીઓના જ હાથમાં પાંચ વર્ષ સુધી રહ્યું હતું. દીકરીઓની આખી ટીમે ગામના વિકાસનું બીડું ઝડપ્યું હતું . તત્કાલીન સમયે સિસ્વા ગામ ચર્ચામાં એટલા માટે રહ્યું હતું કે ગામમાં આશરે 3 હજારની વસ્તી ધરાવતા આ ગામનો સંપૂર્ણ વહીવટ ગામની દીકરીઓના હાથમાં સોંપવામાં આવ્યો હતો. અગાઉના વર્ષોમાં ત્રણ વખત ગામ સમરસ થયા બાદ ગ્રામપંચાયતનો વહીવટ ગામની બહેનોને આપવાનો નિર્ણય ગ્રામજનો દ્વારા કરાયો હતો. ગામની સત્તાધારી દીકરીઓએ ગામના વિકાસ માટેની દરેક કામગીરી બખૂબી નિભાવી હતી. વિશેષ વાત તો એ છે કે ગામના સરપંચ, સભ્યો સાથે ગામના તલાટી પણ એક મહિલા જ રહ્યા હતા, જેને પગલે વહીવટી બાબતોમાં સરળતા રહેતા ગામના પાયાના દરેક કાર્યોથી લઈ વિકાસના અન્ય કાર્યો પ્રગતિશીલ બન્યા હતા. દીકરીઓને સન્માન આપી પંચાયતનું શાસન સોંપવામાં આવ્યું હતું. આ દીકરીઓએ તેમના શાસનના પાંચ વર્ષ પણ સફળતા પૂર્વક ગામના વિકાસમાં વિતાવ્યા હતા.

**ત્રણ વખત સમરસ થયા બાદ ગ્રામપંચાયતનો વહીવટ ગામની દીકરીઓને આપવાનોનિર્ણયગ્રામજનો દ્વારા કરાયો હતો**




## સીસ્વા ટાઉન ટોક

### -: સીસ્વા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 911 |
| કુલ વસ્તી | 4475 |
| કુલ પુરૂષો | 2325 |
| કુલ સ્ત્રીઓ | 2150 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 89.19 |
| પુરૂષ સાક્ષરતા દર | 94.38 |
| સ્ત્રી સાક્ષરતા દર | 83.46 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 483 |
| ખેત મજૂર | 597 |
| સીમાંત વર્ગ | 286 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 242 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 177 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1328 |
| ગાય | 276 |
| ભેંસ | 710 |
| અન્ય | 342 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1040 હેક્ટર 83 આરે 76 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 19 હેક્ટર 33 આરે 00 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 03 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 613 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 1050

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1304 |
| ઔધોગિક વિષયક જોડાણ | 11 |
| ખેતી વિષયક જોડાણ | 61 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 823

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 439 |
| BPL કાર્ડ ધારકો | 204 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 075 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 80 |
| વિધવા સહાય | 177 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 10 |